For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**સૌરાષ્ટ્રના કાગવડના ખોડલધામથી પણ ચડિયાતું ખોડલધામ સુરતમાં 150 વીઘાં જમીનમાં બનશે**

# વેલંજામાં બનશે 'અન્નપૂર્ણા ખોડલધામ'

**મોટા** વરાછાના શેરી ઓટલો ગરબા મહોત્સવમાં સુરતના ઉદ્યોગપતિ મુકેશ પટેલ અને જયંતી એકલેરાની જાહેરાત

**આ ખોડલધામ** માત્ર આસ્થા જ નહીં પરંતુ સેવાનું પણ પ્રતીક બનશે, એકપણ પાટીદાર પરિવારે હાથ લંબાવવો નહીં પડે તેવી નેમ: મુકેશ પટેલ

સુરતઃ સૌરાષ્ટ્રના કાગવડ ખાતે આવેલા પ્રખ્યાત ખોડલધામ બાદ હવે સુરતમાં પણ પાટીદાર સમાજના બીજા ખોડલધામના નિર્માણને લઈને લાંબા

...અનુસંધાન પાના ૭ પર




## આ અન્નપૂર્ણા ખોડલધામ માત્ર મંદિર નહીં પણ સેવાનું ધામ બનશે: પાટીદાર આગેવાનો

સુરતમાં અંદાજે 40 લાખ જેટલા પાટીદારો વસે છે, જેમાંથી લેઉવા પટેલ સમાજ માટે કોઈ મુખ્ય કેન્દ્ર ન હોવાની ખાધ પૂરી કરવા આ પગલું લેવાયું છે. સુરતના વેલંજા વિસ્તારમાં આશરે ૧૫૦ વીઘા જેટલી વિશાળ જગ્યામાં 'શ્રી અન્નપૂર્ણા ખોડલધામ'નું નિર્માણ થશે. આ સંકુલ માત્ર પૂજા-પાઠ કે ધાર્મિક વિધિ પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ 'સરદાર પટેલ એકેડેમી ઇન્સ્ટિટ્યૂટ'ના સહયોગથી તે

...અનુસંધાન પાના ૭ પર

## સુરતમાં પાટીદારોનો ખોડલધામ જેવો આસ્થાનો પ્રોજેક્ટ નહોતો, જે હવે બનશે: મુકેશ પટેલ



લેબગ્રોન ડાયમંડના માલિક અને અગ્રણી ઉદ્યોગપતિ મુકેશ પટેલે જણાવ્યું હતું કે, સુરતમાં પાટીદારો પાંચ-છ દાયકા કરતાં પણ વધુ સમયથી વસ્યા છે. પાટીદારોએ સુરતમાં હોસ્પિટલ બનાવી, વાડીઓ બનાવી, શિક્ષણધામ બનાવ્યા પરંતુ ખોડલધામ જેવો સેવાનો એકપણ પ્રોજેક્ટ બન્યો નથી. રાજકોટમાં ખોડલધામ છે પરંતુ જ્યારે સુરતમાં પણ લાખોની સંખ્યામાં પાટીદારો રહેતા હોય ત્યારે સુરતમાં પણ ખોડલધામની જરૂરીયાત છે કે જે એક આસ્થાનું પ્રતિક પણ હોય અને સેવાનું પણ સ્થાન બને. પાટીદારો અન્યત્ર જવાને બદલે ખોડલધામમાં દર્શન કરવા

...અનુસંધાન પાના ૭ પર

## અમારા તરફથી કોઈ વિવાદ નથી, નરેશ પટેલ જ્યારે પણ આવે, તેમનું હૃદયપૂર્વક સ્વાગત છે: મુકેશ પટેલ

અન્નપૂર્ણા ખોડલધામની પાછળ રાજકીય ઈરાદો હોવાની ચાલી રહેલી ચર્ચાઓ અંગે આ પ્રસંગે વાત કરતા ઉદ્યોગપતિ મુકેશ પટેલે સ્પષ્ટ કર્યું હતું કે, નરેશ પટેલ સાથેના કોઈપણ વિવાદ નથી. જો નરેશભાઈ આ ધામની મુલાકાતે આવવા માંગતા હોય તો તેમનું હાર્દિક સ્વાગત છે.

# નવસારીના ગોલવાડના 20 વર્ષથી બંધ મકાનમાં ખજાના માટે વિધિ

**મકાનમાં** ખજાનો શોધવા ગયેલા લોકો બૂમાબૂમ થતા નાસી છૂટ્યા

**જમીનમાં** સોનાનો ચરુ કે લોકોની કલ્પનાનો ખજાનો? મધરાતે ખજાનાની શોધખોળ?

**સોનાના** ચરુની લોકવાયકા વચ્ચે કથિત તાંત્રિક વિધિ અને ખોદકામની ચર્ચા, રહીશોની જાગૃતિથી પોલીસ તપાસ

નવસારી : નવસારીના ગોલવાડ વિસ્તારમાં બે દાયકાથી બંધ પડેલું એક જૂનું મકાન અચાનક



રહસ્યમય ગતિવિધિઓને કારણે ચર્ચામાં આવ્યું છે. મકાનની જમીનમાં પૂર્વજોએ સોનાનું ચરુ દાટી રાખ્યું હોવાની વર્ષો જૂની લોકવાયકા વચ્ચે નવરાત્રી દરમિયાન મધરાતે

...અનુસંધાન પાના ૭ પર

## મકાનમાં ચરુ મળી હોવાની વર્ષોથી વાયકા

ગોલવાડના આ મકાનમાં સોનાનું ચરુ દાટેલું હોવાની વાત વર્ષોથી પ્રચલિત છે, પરંતુ તેને સમર્થન આપતો કોઈ નક્કર પુરાવો સામે આવ્યો નથી. જો આ લોકવાયકા જ મધરાતની ગતિવિધિઓનું કારણ બની હોય તો સવાલ એ છે કે ખજાનાની માહિતી કોને આપી અને મકાનમાં પ્રવેશવાની વ્યવસ્થા કોણે કરી? કથિત તાંત્રિક વિધિ પાછળ અંધશ્રદ્ધા હતી કે ખજાનાની શોધનો પ્રયાસ, તે પણ તપાસનો વિષય છે. સોનાનું ચરુ મળ્યું કે નહીં તે તો અજાણ છે, પરંતુ તેની ચર્ચાએ 20 વર્ષથી બંધ મકાનનાં રહસ્યને ફરી જીવંત કરી દીધું છે. હવે પોલીસ તપાસમાં લોકવાયકા અને હકીકત વચ્ચેનો તફાવત સ્પષ્ટ થાય તે જરૂરી છે.

# એશિયામાં માત્ર સુરતના રસ્તા પર લેમ્બર્ગીની હુરાકાન દોડતી જોવા મળશે

**ધ્રુવ ધોળકિયાએ** ઉત્તરાખંડમાંથી ગાડીની ખરીદી કરી

**જે રંગની** નવી કાર જોઇતી હતી તે નહીં મળતા સેકન્ડહેન્ડ કાર ખરીદી



સુરત : હજી ગઇ કાલે જ સુરતની યુવતી સાથે દુનિયાના નંબર વન યુ ટ્યુબર મિ.બીસ્ટ સુરતની યુવતીને મળ્યા હતા જ્યારે બીજા જ દિવસે સારા સમાચાર એ મળ્યા છે કે, હવે એશિયામાં માત્ર સુરતના રસ્તા પર લેમ્બર્ગીની હુરાકાન ઇવો સ્પાઇડર દોડતી જોવા મળશે. આ કાર ધ્રુવ ધોળકિયાએ ખરીદી છે.

જુદી જુદી કારના શોખીન અને સોલાર ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા ઉદ્યોગપતિ ધ્રુવ ધોળકિયાએ કહ્યું હતું કે, તેમની ઇચ્છા લેમ્બર્ગીનીનું આ મોડેલ ખરીદવાની હતી પરંતુ જે રંગ જોઇતો હતો તે ઇન્ટરનેશનલ માર્કેટમાં મળી રહ્યો ન હતો. આ દરમિયાન તેમને જે રંગની ગાડી જોઇતી હતી તે ઉત્તરાખંડમાં હોવાની તેમને માહિતી મળી હતી. એશિયામાં આ માત્ર એક કાર હતી. તેના માલિક ઓશો રજનીશમાં જોડાઇ ગયા હતાં. જેથી

...અનુસંધાન પાના ૭ પર

**શેરબજારના વ્યવસાયીએ પોતાના જ આઠમા માળના ફ્લેટમાં બેડરૂમની ગેલેરીમાંથી ઝંપલાવી દીધું**

# થોડા દિવસ પહેલા જ પુત્રનું અપહરણ-છૂટકારો અને હવે પિતાનો આપઘાત

**અડાજણમાં** રાજહંસ સિનેમા પાસે ક્રિશ હાઇટ્સમાં રહેતા પ્રમોદ પટવાએ લખેલી સ્યુસાઇડ નોટમાં શેરબજારમાં નુકસાન અને ઉઘરાણી માટે લોકો હેરાન કરતાં હોવાનો ઉલ્લેખ કર્યો

સુરતઃ થોડા સમય પહેલા જ જેનું નાણાંની લેતીદેતીમાં અપહરણ થયું હતું અને પોલીસે જેને મુક્ત કરાવ્યો હતો તેવા 27 વર્ષના પુત્રના શેરબજારમાં કામ કરતાં પિતાએ ગુરૂવારે મોડી સાંજે પોતાના જ આઠમા માળે આવેલા ફ્લેટના

...અનુસંધાન પાના ૭ પર

## પુત્રના અપહરણની ઘટના અને આપઘાતની ઘટના વચ્ચે કોઇ કડી છે કે કેમ? તેની તપાસ જરૂરી

મહત્ત્વની વાત એ છે કે, થોડા દિવસ પહેલાં જ પ્રમોદભાઈના 27 વર્ષીય પુત્ર આગમનું દિનદહાડે કારમાં અપહરણ કરવામાં આવ્યું હતું. પોલીસ તપાસમાં સામે આવેલી વિગતો મુજબ,

...અનુસંધાન પાના ૭ પર

## સ્યુસાઈડ નોટમાં નામો પણ પોલીસે હજુ સુધી કોઈ ગુનો નહીં નોંધતા આશ્ચર્ય

આ પ્રકરણમાં પોલીસને પ્રાથમિક તપાસમાં મૃતક પ્રમોદ પટવા પાસેથી એક સ્યુસાઇડ નોટ મળી આવી છે. આ સ્યુસાઇડ નોટમાં તેમણે શેરબજારમાં મોટું આર્થિક નુકસાનની સાથે સાથે કેટલાક શખ્સો દ્વારા નાણાંની લેતી-દેતી

...અનુસંધાન પાના ૭ પર

## પરિવાર આઘાતમાંથી બહાર આવે તે પહેલાં જ પિતાએ જીવ ગુમાવ્યો

આપઘાત કરનાર પ્રમોદ પટવાના પુત્રનું તાજેતરમાં જ અપહરણ થયું હતું અને તેને મહારાષ્ટ્રમાંથી છોડાવાયો હતો. આ સમાચાર તાજા જ હતા ત્યાં પ્રમોદ પટવાએ અચાનક આપઘાત કરી લેતા આખો પરિવાર શોકમાં ગરકાવ

...અનુસંધાન પાના ૭ પર

# ઓલપાડના નાના ખોસાડિયાની હેતાન્સી પટેલ KBCમાં ચમકી

**KBC-18ના** Challenger Weekમાં સુરતની હેતાન્સીએ દિલ્હીની શ્વેતાને હરાવી

**જલદી**-5 રાઉન્ડ જીતી અમિતાભ બચ્ચન સામે રમવાનો અવસર મળ્યો




જયેશ પટેલ

સાયણઃ ઓલપાડ કાંઠાના નાના ખોસાડિયા ગામની દીકરી હેતાન્સી જયેશભાઈ પટેલે સોની ટીવીના લોકપ્રિય ક્વિઝ શો 'કૌન બનેગા કરોડપતિ' (KBC) સિઝન-18માં હોટસીટ સુધી પહોંચીને સમગ્ર વિસ્તારનું નામ રોશન કર્યું છે.

KBCના 'ઈન્ડિયા ચેલેન્જર વીક' અંતર્ગત આ વખતે 'જલ્દી-5 બઝર રાઉન્ડ' યોજાયો હતો. આ રાઉન્ડમાં દિલ્હીની સ્પર્ધક શ્વેતા સામે હેતાન્સીએ શાનદાર રમત દાખવી હતી. હિન્દુ ધર્મસ્થાનો, કરંટ અફેર્સ અને વિજ્ઞાનને લગતા પ્રશ્નોના ઝડપી અને સાચા જવાબો આપીને તેણે જીત મેળવી હતી.

હોટ સીટ પર બેસવાનો અવસર મળતાં જ હેતાન્સીની ખુશી છલકાઈ ગઈ ગઈ હતી. હેતાન્સીએ કહ્યું હતું કે, રિશ્તેમેં તો હમ આપ કે કન્ટેસ્ટન્ટ

...અનુસંધાન પાના ૭ પર

**કાચી સામગ્રીનો ભાવ વધી જતાં દશેરાના સ્પેશિયલ ફાફડા-જલેબીના ભાવમાં વધારો જોવા મળશે**

# ફાફડા-જલેબીના ભાવ 20 ટકા સુધી વધશે

**ઘી, તેલ,** બેસન અને મેંદાના ભાવ વધતાં ફરસાણ મોંઘું

**પ્રીમિયમ** દુકાનોમાં 10થી 20 ટકા સુધીનો ભાવવધારો





સુરતઃ દશેરા આવે એટલે ગુજરાતીઓના ઘરોમાં ફાફડા-જલેબીની મહેક અને સ્વાદનો ઉત્સાહ છવાઈ જાય છે. વિજયાદશમીના દિવસે વહેલી સવારથી જ ફરસાણની દુકાનો પર ખરીદી માટે ગ્રાહકોની ભારે ભીડ જોવા મળે છે. વર્ષોથી જળવાઈ રહેલી આ પરંપરાનો ઉત્સાહ ભલે અકબંધ હોય, પરંતુ આ વર્ષે મોંઘવારીનો માર પરંપરાગત સ્વાદ પર પણ પડ્યો છે. કાચી સામગ્રી અને ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાને કારણે ફરસાણના ભાવમાં 10 થી 20 ટકા સુધીનો વધારો જોવા મળી રહ્યો છે, જેના કારણે સ્વાદના શોખીનોએ આ વર્ષે ખિસ્સું વધુ હળવું કરવું પડશે.

વેપારીઓના જણાવ્યા અનુસાર, ફાફડા બનાવવા માટે વપરાતો ગુણવત્તાયુક્ત ચણાનો લોટ (બેસન) અને જલેબી માટેનો મેંદો મોંઘા થયા છે. આ ઉપરાંત, જલેબી તળવા માટે વપરાતું તેલ અને શુદ્ધ ઘી તેમજ ચાસણી માટે વપરાતી ખાંડના ભાવ વધતાં ઉત્પાદન ખર્ચમાં મોટો

...અનુસંધાન પાના ૭ પર

## દશેરાએ ફાફડા-જલેબીનો અંદાજીત ભાવ

| વાનગી | અંદાજિત ભાવ (પ્રતિ કિલોગ્રામ) |
|---|---|
| ચણાના લોટના ફાફડા | 500 થી રૂ.800 |
| શુદ્ધ ઘીની જલેબી | રૂ. 600 થી રૂ.1,000 |
| સામાન્ય તેલની જલેબી | રૂ. 300 થી રૂ.450 |

(નોંધઃ દુકાન પ્રમાણે ભાવ અને ગુણવત્તામાં તફાવત હોઈ શકે છે.)

**ધારાસભ્ય ચૈતર વસાવાને 7 વર્ષની જેલની સજા થયા બાદ માનસિક તણાવમાં રહેતા**

# ચૈતર વસાવાના નાના ભાઈએ ઝેર પી લીધું

**સુરત સિવિલ** હોસ્પિટલમાં ICUમાં સારવાર હેઠળ, હાલત ગંભીર

ભરૂચ, ચિકદા, સુરતઃ ડેડિયાપાડા વિધાનસભા ક્ષેત્રના AAP ધારાસભ્ય ચૈતર વસાવાના 35 વર્ષીય નાનાભાઈ શાંતિલાલ વસાવાએ ઘાસમાં નાંખવાની ઝેરી દવા ગટગટાવીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. આ ઘટના બાદ તેમને સોનગઢ અને વ્યારા બાદ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની ICUમાં સારવાર ચાલી રહી છે.

મળતી માહિતી અનુસાર શાંતિલાલ વસાવા તેમના મોટાભાઈ અને ધારાસભ્ય ચૈતર વસાવાને સાત વર્ષની જેલવાસની સજા થયા બાદ લાંબા સમયથી માનસિક તણાવમાં જીવી રહ્યા હતા. આ માનસિક તણાવના કારણે જ તેમણે આખરે ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટના અંગે સુરતની સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેટ પારૂલ વડગામાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, 12 ઓક્ટોબરે મેડિકલ ICUમાં, મેડિસિન ડિપાર્ટમેન્ટની અંતર્ગત શાંતિલાલ દામજીભાઈ વસાવા નામના દર્દી દાખલ થયા છે. એમનો કેસ ઓર્ગેનોફોસ્ફરસ પોઈઝનિંગ, એટલે કે OP પોઈઝનિંગનો છે. દર્દી વેન્ટિલેટર પર છે અને તેમની કન્ડિશન ઘણી ગંભીર છે. મેડિસિન વિભાગમાં ડો.અશ્વિન વસાવાની દેખરેખમાં દર્દીની સારવાર ચાલી રહી છે. તમામ પ્રકારની ટ્રીટમેન્ટ, જેમાં વેન્ટિલેટર્સ, નેબ્યુલાઈઝેશન, એન્ટિબાયોટિક, IV ફ્લૂઈડ્સ તેમજ બ્લડપ્રેશરની દવાઓનો સમાવેશ થાય છે, તે ચાલી રહી છે. દર્દીની કન્ડિશન સ્ટેબલ તો નહીં કહેવાય, પરંતુ સ્ટેટિક છે. એટલે કે જે બે દિવસ પહેલાં હતા તેવી જ કન્ડિશન છે. અત્યારે દર્દી બેભાન છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નાનાભાઈએ આત્મહત્યાનો પ્રયાસ કરતાં ધારાસભ્ય ચૈતર વસાવાએ હાઈકોર્ટમાં વચગાળાના જામીન માટે અરજી કરી છે. આ અરજી દ્વારા તેમણે જણાવ્યું છે કે તેમના નાના ભાઈ શાંતિલાલે ઝેરી દવા પીધી છે અને તેઓ સારવાર હેઠળ છે. આ સમગ્ર ઘટનાએ ડેડિયાપાડા વિસ્તારમાં ચર્ચા જગાવી છે. ધારાસભ્યના પરિવારજનો દ્વારા આપવામાં આવેલી માહિતી

...અનુસંધાન પાના ૭ પર


અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M. 81539 99901
ગુજરાતમિત્ર

ક્ષત્રિય દુઃખદ અવસાન - બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી સ્વ. ઘનસુખલાલ છોટાલાલ રંગુનવાલા તા. ૧૬/૧૦/૨૦૨૬ ને શુક્રવાર ના રોજ દેવલોક પામ્યા છે.
સદ્દગતનું બેસણું ધમણવાલા એ.સી. હોલ, સીંગાપુરી વાડી, સલાબતપુરા, સુરત ખાતે તા. ૧૭/૧૦/૨૦૨૬ શનિવારે સવારે ૯ થી ૧૧ દરમ્યાન રાખવામાં આવેલ છે.
સ્વ. ઘનસુખલાલ છોટાલાલ રંગુનવાલા
સ્વ. તા. ૧૬/૧૦/૨૦૨૬
લિ. સ્વ. સુમનબેન ઘનસુખલાલ રંગુનવાલા
મનિષકુમાર ઘનસુખલાલ રંગુનવાલા
હિરેનકુમાર ઘનસુખલાલ રંગુનવાલા તથા
સમસ્ત રંગુનવાલા પરિવાર

ભાવભીની શ્રદ્ધાંજલિ



અમારી સફળતાનાં એક શિલ્પી એવા શ્રી બી. એ. પરીખ સાહેબનાં નિધનથી અમો દુઃખની લાગણી અનુભવીએ છીએ. એક ન પુરી શકાય તેવી ખોટ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિઆપે એજ પ્રાર્થના.
સ્વ. ડૉ. ભાનુપ્રસાદ એ. પરીખ
પુર્વ કુલપતિ (વાઈસ ચાન્સેલર) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
સ્વ. તા.૧૦.૧૦.૨૦૨૬
લિ.
આત્મારામ એમ. પરમાર
(માજી. મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)
રાજેન્દ્ર (રાજુ) જોષી
સુરેશ પટેલ – (કુચેદ)
ખુરસેદ મઢીવાલા

દુઃખદ અવસાન



દિલગીરી સહ જણાવવાનું કે, અમારા પિતાશ્રી બાબુલાલ અંબાલાલ ગજ્જર તા. ૧૬/૧૦/૨૦૨૬, શુક્રવારના રોજ સાંજે શ્રીજી ચરણ પામેલ છે. પ્રભુ સદ્દગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.
સ્વ. બાબુલાલ અંબાલાલ ગજ્જર
સ્વ. તા. ૧૬/૧૦/૨૦૨૬
સદ્દગતની સ્મશાનયાત્રા
તા. 17/10/2026, શનિવારે સવારે 09:00 કલાકે નંદિની-2, વેસુથી નીકળી રામનાથ ઘેલા સ્મશાનભૂમિ, ઉમરા જશે.
લિ. સ્વ. શકુંતલાબેન બાબુભાઈ ગજ્જર (પત્ની)
ગં.સ્વ. ભાવનાબેન શાહ (પુત્રી)
કમલેશ ગજ્જર (પુત્ર) હર્ષાબેન ગજ્જર (પુત્રવધુ)
હેમંત ગજ્જર (પુત્ર) રૂચિ ગજ્જર (પુત્રવધુ)
ધ્રુમિત ગજ્જર (પૌત્ર) પ્રાંશુંની ગજ્જર (પૌત્રી)
ગર્વિત ગજ્જર (પૌત્ર) પ્રિયાંશી ગજ્જર (પૌત્રી)
સમસ્ત ગજ્જર પરિવાર
વિનાયક પેકેજીંગ, ઇકો પેકેજીંગ
નિવાસસ્થાન : B-903, નંદિની-2, વેસુ મેઈન રોડ, સુરત. મો. : 98241 95552

દુઃખદ અવસાન-બેસણું



સ્વ.શ્રીમતી લક્ષ્મીબેન શંકરભાઈ પટેલ
અમારી જન્મદાત્રી ''માં'' ના આત્માએ અનંત ની વાટે કુદરત ના સાનિધ્યમાં તા. ૧૪/૧૦/૨૦૨૬ ના રોજ પ્રયાણ કર્યું છે અમારા જીવનમાં ઉત્તમ સંસ્કાર નું સિંચન કરનારી ''માં'' દેહ સ્વરૂપે રહ્યા નથી. એમના સિંચેલા સંસ્કારો અને શીખ થકી એમના અધૂરા કર્મોને પરિપૂર્ણ કરવા માટે પ્રયત્નશીલ રહીશું.
સદ્દગતના પુણ્યાત્માની શાંતિ માટે
બેસણું તા. ૧૮/૧૦/૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૦૯.૦૦ થી ૧.૦૦ કલાક સુધી
બેસણાનું સ્થળઃ- અમીકુંજ વાડી, કેશરકુંજ પાર્ટી પ્લોટની બાજુમાં, જહાંગીરપુરા રોડ સુરત, ખાતે રાખવામાં આવેલ છે.
શોકાતુર
જયેશ શંકરભાઈ પટેલ — મધુબેન જયેશભાઈ પટેલ
ડૉ. અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ — મીનાબેન અશ્વિનભાઈ પટેલ
મહેશભાઈ શંકરભાઈ પટેલ — દક્ષાબેન મહેશભાઈ પટેલ
ડૉ. શ્વેતા, ડૉ. ભાવિકા, ડૉ. હેતા-મૌલિન, ડૉ. રાજન-ડૉ. ઝાંસીરાની, ડૉ. ભૂમિ-ડૉ. હિંમત, ઋત્વિક-સુનિધિ, શ્રીદા, રીજા

દુઃખદ અવસાન - પ્રાર્થના સભા



સ્વ. હર્ષદભાઇ કનૈયાલાલ મશરૂવાલા
જન્મ તા. ૦૫/૧૧/૧૯૫૫ સ્વ. તા. ૧૬/૧૦/૨૦૨૬
અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે મારા પતિશ્રી / ભાઈશ્રી / અમારા પિતાશ્રી હર્ષદભાઈ કનૈયાલાલ મશરૂવાલા તા. ૧૬/૧૦/૨૦૨૬ને શુક્રવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ સદ્દગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
: સદ્દગતની અંતિમ યાત્રા : તા. ૧૭/૧૦/૨૦૨૬ને શનિવારના રોજ સવારે ૮:૦૦ કલાકે અમારા નિવાસસ્થાન એ-૧૩૦૨, ઈકો ગાર્ડન, વેસુ કેનાલ રોડ, સુરતથી નીકળી રામનાથ ઘેલા સ્મશાન ભૂમિ, ઉમરા, સુરત મુકામે જશે.
: સદ્દગતની પ્રાર્થના સભા : તા. ૧૮/૧૦/૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન BPAH, પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત ખાતે રાખેલ છે.
લિ. શોકાતુર પરિવાર
ગં. સ્વ. ગીતાબેન હર્ષદભાઈ મશરૂવાલા (પત્ની)
હેમંતભાઈ કનૈયાલાલ મશરૂવાલા (ભાઈ)
સુનિલ હર્ષદભાઈ મશરૂવાલા (પુત્ર) - વિમ્મી સુનિલભાઈ મશરૂવાલા (પુત્રવધૂ)
મેહુલ હર્ષદભાઈ મશરૂવાલા (પુત્ર) - વિમ્મી મેહુલભાઈ મશરૂવાલા (પુત્રવધૂ)
કબીર - રામ (પૌત્રો), ઝિયાના (પૌત્રી) તથા સમસ્ત પરિવાર
Sunilbhai - 9978122905 / Mehulbhai - 9998840170
"સ્નેહ, સાદગી અને સંસ્કારોની સુવાસ પ્રસરાવી આપ પ્રભુચરણમાં લીન થયા, આપના પાવન સ્મરણો સદાય અમારી સાથે રહેશે."

॥ સોળમી પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ ॥



સ્વ. ઘનસુખભાઈ સોમચંદભાઈ સુરતી
જન્મ તા. ૧૫/૦૧/૧૯૬૧ સ્વ. તા. ૧૭/૧૦/૨૦૧૦ ખજોદ ગામ, સુરત.
હયાતીના હસ્તાક્ષર સમી આપની યાદ અમ હ્રદય પર કોરાય છે, આપની હૂંફ અને હાજરી પરિવારમાં પ્રતિક્ષણ અનુભવાય છે, ચર્મ ચક્ષુથી દૂર છો તો શું થયું અંતર ચક્ષુમાં છબી હંમેશા આપની સચવાય છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.
લિ. સોમચંદભાઈ કાનજીભાઈ સુરતી (પિતા)
મણીબેન સોમચંદભાઈ સુરતી (માતા)
ગં.સ્વ. વર્ષાબેન ઘનસુખભાઈ સુરતી (પત્ની)
પરભુભાઈ સોમચંદભાઈ સુરતી (ભાઈ)
ઈશ્વરભાઈ સોમચંદભાઈ સુરતી (ભાઈ)
અંકિતભાઈ પરભુભાઈ સુરતી (ભત્રીજા) આહુતિ અંકિત સુરતી (પુત્રવધુ)
નિખીલભાઈ ઈશ્વરભાઈ સુરતી (ભત્રીજા) સંસ્કૃતિ નિખિલ સુરતી (પુત્રવધુ)
રૂહાની નિખિલ સુરતી (પૌત્રી)